કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+
પરીક્ષા પાસ કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૦/૦૯/૨૦૦૬નું જાહેરનામા ક્રમાંક:- ગસ / ૨૦૦૬ / ૩૧/ ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨/૦૭/૨૦૧૩નાં પરિપત્ર ક્રમાંક:- પરચ /૧૦૨૦૦૫ / ૧૫૧૯/પાર્ટ-૧/ક.

::આમુખ ::

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત CCC/CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચત્તર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઈ, ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટે પણ આ પરીક્ષા પાસ કરવાની રહે છે. તદ્નુસાર સામાન્ય વહીવટ વિભાગનાં ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભ(૩) સામેના પરિપત્રની સૂચના ક્રમાંક:(૨)માં "તા.૦૧/૦૭/૨૦૧૩ નારોજથી જેમણે CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ અધિકારીઓ/કર્મચારીઓના કેસમાં બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં" તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે, અને તે મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન હોય તેવા અધિકારી/કર્મચારીઓને બઢતી માટેની પસંદગી યાદીમાં સમાવવામાં આવતાં નથી. આ જોગવાઈને કારણે બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા માટે પસંદગી સમિતિની બેઠક બોલાવવામાં આવે ત્યારે કેટલાંક કર્મચારી/અધિકારીઓએ CCC/CCC+ પરીક્ષા પાસ ન કરી હોવાને કારણે તેઓને બઢતી માટે અયોગ્ય ઠરાવવામાં આવે છે. હકીકતમાં તેઓ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ અંતર્ગત ઠરાવેલ તમામ શરતો પૂર્ણ કરતા હોવા છતાં કોમ્પ્યુટરની CCC/CCC+ પરીક્ષા પાસ ન હોવાને કારણે તેઓ બઢતીની વિચારણા માટે "અયોગ્ય" ઠરે છે. આવા કર્મચારીઓ/અધિકારીઓને પસંદગી સમિતિની બેઠક બોલાવવામાં આવે ત્યારે કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ ન કરી હોય તેમ છતાં બઢતી માટે યોગ્ય ગણવા અંગે નીતિ વિષયક નિર્ણય લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

:: ઠરાવ ::

તદ્અનુસાર આથી ઠરાવવામાં આવે છે કે, જે કર્મચારી/અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઓ.શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા

કર્મચારીઓ/અધિકારીઓને તેઓ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરે તે પછી જ બઢતી આપવાની રહેશે. આ અંગે જે તે વિભાગ/કચેરીએ સંબંધિત કર્મચારી/અધિકારીને ખરેખર બઢતી આપવામાં આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોવાની ચકાસણી કરવાની રહેશે.

આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
માન.મંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટજનરલશ્રી,ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
ડાયરેક્ટ જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ,અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર- જાહેર પ્રસિધ્ધિ અર્થે.
સચિવાલયનાં સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
રજ્ય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એક્ઝીક્યુટીવ, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ :-

<u>સિલેક્ટ ફાઈલ</u>

- પત્ર દ્વારા